
12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## ઊમૂર તાલીમીયાહ

અંક 2 | જુમાદિલ ઊખરા 1442 | ગુજરાતી




અલ જામેઅતુસ સૈફીયાહ, નૈરોબી ના બે પ્રવેશદ્વાર પર બાબુત તૌફીક ના નમૂના મળી શકે છે – જે વિદ્યાર્થી અને મુલાકાતી બંને માટેના પ્રાથમિક પ્રવેશ નૂ કેંદ્ર છે.

અલ જામેઅતુસ સૈફીયાહ ના પ્રવેશ મા બાબુત તૌફીક - એ પ્રતિક છે કે ઈલમ શોદનારા માટે તૌફીક થીજ ઈલમ ના દરવાજા ખુલસે.

સિલકે હયાત ના બીજા વિભાગ મા ઊમૂર તાલીમીયાહ બાબત અલગ અલગ દેશો-શેહરો થી અનનય માહિતીઓ લેવા મા આવી છે. આ ઈલમી સૈર માટે બાબુત તૌફીક ભલી શરૂવાત છે.

અલ જામેઅતુસ સૈફીયાહ, નૈરોબી મા બાબુત તૌફીક નો નમૂનો.

ફોટોઃ મુ. યુસુફ શેખ શેખઆદમ.

બિસ્મે રબ્બિક-(અલ્લાહ ના નામ થી) તાલીમ માટે શ્રેષ્ઠ અભ્યાસક્રમ બની ગઈ છે.

# "સૈરે ઈલમી"

લેખકઃ મુ. હાતિમ હુસેન ભાઈ | અનુવાદકઃ મુ. યાહયા ભાઈ

ઇલ્મ પ્રાપ્ત કરવું એ ખૂબ જ જૂની પરંપરા છે. પછી ભલે તે વિશ્વના રહસ્યોને ઉકેલવાના સ્વરૂપમાં હોય,અથવા બ્રહ્માંડના ઉદ્દેશ્ય પર ચર્ચા કરવાના સ્વરૂપમાં હોય આપણે બધા જ ઇલ્મ ના સાધકો તરીકે રચાયેલ છે. પેગમ્બરે ઇસ્લામ મોહમ્મદ રસુલુલ્લાહ (સ.અ.વ.) યે ઇસ્લામ ધરમ મા આસ્થા રખનાર માતે ઇલ્મ સાધવું ફરજિયાત કિધુ છે.

મુસલમાનો ને તાલીમ પ્રાપ્ત કરવા માટે ઉત્સાહ આપતા , રસુલુલ્લાહ(સ.અ.વ.)યે એક સુંદર ઉદાહરણ આપ્યો છે. આપ(સ.અ.વ.) ફરમાવે છે

اطلبوا العلم ولو بالصين

"ઇલ્મ પ્રાપ્ત કરો પછી ભલે તમારે ઇલ્મ પ્રાપ્ત કરવા માટે ચીન જવું પડે"

રસુલુલ્લાહ (સ.અ.વ.)ના યુગમાં ચાઇના ની સંસ્કૃતિ, કલા અને સાહિત્ય પ્રખ્યાત હતી. ચાઇના એક શૈક્ષણિક કેન્દ્ર હતું . ચિની ઇતિહાસમાં,આ યુગને "સુવર્ણ યુગ" તરીકે ઓળખવામાં આવે છે. વિચારવાની બાબત છે! કે જે સમય માં એક શહેરથી બીજા શહેરમાં મુસાફરી કરવું મુશ્કેલ હતું, તે સમય માં રસુલુલ્લાહ (સ.અ.વ.)એ એક ખંડથી બીજા ખંડમાં સ્થળાંતર કરવાનો આગ્રહ કર્યો હતો, જે ઇલ્મ પ્રાપ્ત કરવાનુ મહત્વ દર્શાવે છે.

ધ્યાન દો! કે મદિના અને ચીન વચ્ચે લગભગ 4000 માઇલ જેટલું અંતર છે.ત્યાં પહોંચવા માટે એક પ્રવાસીને ગીચ જંગલો, વિશાળ પર્વતો, સળગતા રણો, તપતી ગરમી, ઝળહળતી ઠંડી પસાર કરવુ પડે , અને મહિનાઓ સુધી મુસાફરી કરવી પડે. આશ્ચર્યજનક છે! કે એક બાજુ રસુલુલ્લાહ (સ.અ.વ.) તમામ મુશ્કેલીઓનો સામનો કરી ઇલ્મ પ્રાપ્ત કરવા માટે ચીનમાં જવા આદેશ આપે છે અને બીજી બાજુ ફરમાવે છે કે "મે ઇલ્મ નો શહેર છું અને અલી (અ.સ)) તેના દરવાજા છે, જે કોઈપણ ઇલ્મ મેળવવા માંગે છે તે દરવાજે આવે" . પ્રશ્ન એ છે કે,અમીરુલ મુમેનીન (અ.સ)- જે ઇલ્મ ના મદીના ના દરવાજા છે, જો આપના પાસે થી ઇલ્મ પ્રાપ્ત થઈ શકે, તો પછી લોકોને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ મુશ્કેલીઓ સહન કરવા અને ઇલ્મ મેળવવા માટે દૂરના

## "ઇલ્મ પ્રાપ્ત કરો પછી ભલે તમારે ઇલ્મ પ્રાપ્ત કરવા માટે ચીન જવું પડે"

સ્થળોની મુસાફરી કરવાનો આદેશ શા માટે આપ્યો છે? રસુલુલ્લાહ (સ.અ.વ) ના નિવેદન કે "ઇલ્મ પ્રાપ્ત કરો પછી ભલે તમારે ઇલ્મ પ્રાપ્ત કરવા માટે ચીન જવું પડે"ને અપની મર્યાદિત સમજણથી આપણે શું અનુભવી શકીએ છીએ.? કે આ આદેશ પાછળનો મુખ્ય હેતુ ઇલ્મ મેળવવાના મહત્વ પર ભાર મૂકવાનો છે. તેમના શબ્દ પ્રતીકિત કરે છે, કે ઇલ્મ ની શોધમાં,

તમારે જે મુશ્કેલીઓ પડે છે તે સહન કરવી. સંજોગો ભિન્ન થઈ શકે છે, પરંતુ તમારે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. જો તમારે તમારી બધી બચત અથવા તમારા હસ્તાંતરણને ઇલ્મ મેળવવા માટે ખર્ચ કરવો પડે, તો પણ તમારે અચકાવું જોઈએ નહીં. રસુલુલ્લાહ (સ.અ.વ) ની આ હાદિસ શરીફ ના મૂર્ત સ્વરૂપ, સૈયદના અલ મોઆયેદ અલ શિરાઝી (ર.અ) ના કાર્યોથી અનુભૂતિ થઈ શકે છે. આપ યે ઇમામ મુસ્તનસીર (અ.સ.) ની હજરત સુધી પહોંચવા માટે તેમના વતન શિરાઝથી જંગલો વટાવી લીધા. આ મહાન બલિદાન અને સહનશક્તિના આ કૃત્યથી રસુલુલ્લાહ (સ.અ.વ) ની હદીસના પાછળન |વાસ્તવિક અર્થ પર પ્રકાશ પડે છે, કે વાસ્તવિક ચીન ,એટલે કે ઇમામ અઝ ઝમાન (અ.સ.) ના દરબાર સુધી પહોંચવા માટે, તમારે જે મુશ્કેલીઓ ભોગવવી પડે, તે સહન કરવાની જરૂર છે. આ રીતે, સદીઓથી ઇલ્મ, ના સાધકો ઇલ્મ પ્રાપ્ત કરવાની તેમ ની ખોજમાં વાસ્તવિક ચીન જે ઇમામ અઝ ઝમાન અને તેમના દાઈ છે, તેમની હઝરત મા પ્રવાસ કરે છે.

# هر گھڑي پيارے عزيزو سيرِ علمي کو چلو

યમન ના દુઆત (ર.અ) ના યુગ દરમિયાન, તાલિબ એ ઈલ્મ (વિદ્યાર્થીઓ) ડાઈઝ ઝમાન (ર.અ) ના હસ્તક ઇલ્મ મેળવવા માટે ભારતથી હજારો માઇલની મુસાફરી કરતા હતા. સમાનરૂપે, હિંદ ના દુઆત (ર.અ.) ના યુગ દરમિયાન પણ તાલિબ એ ઈલ્મ (વિદ્યાર્થીઓ) મૌલા ના પરોપકારી છાયા માં ઇલ્મ મેળવવા અને ઉછેર માટે,ઘણા માઇલનો પ્રવાસ કરતા.

આ રીતે, સદીઓથી અપના અવલિયા કિરામ (અ.સ), મુમિનીનના શૈક્ષણિક ઉછેર માટે પ્રયત્નશીલ છે. તેમના તમામ પ્રયત્નોનાં ફળ આ પરોપકારી યુગમાં જોઈ શકીએ છીએ, આજે વિશ્વના દરેક ખૂણામાંથી મુમિનીન ઇલ્મ મેળવવા માટે મૌલાના ની હઝરત મા આવે છે. ખાસ કરીને અશારા મુબારકા દરમિયાન, જ્યાં હજારો લાખો મુમિનીન મૌલાના ની હઝરત મા ઇમામ હુસેનની ઝિકર સાંભળવા આવે છે, જે ઇમામ હુસૈન ની ઝિકર “બધા જ ઈલ્મ નુ મૂળ છે.”

એ જ રીતે, અલ ઇસ્તફાદહ અલ ઇલમિયાહ દરમિયાન, અલ જામેઅતુસ સૈફીયાહ, જે જામિઆ સૈફિયાહ, આલે મોહમ્મદ ના ઇલ્મ નુ કેન્દ્ર છે, હર વરસ વધુ માં વધુ સંખ્ય મા ઇલ્મ હસીલ કરવાના હેતુ સી મુમિનીન મુસાફરી કરી આવે છે.

“વિચારો”આ યુગ કેટલો ભવ્ય છે, આપણા દુઆત મુતલકિન(ર.અ) નો અપના ઉપર કેટલો મોટું ઉપકાર છે. જે ઇલ્મ હાસિલ કરવા માટે મહિનાઓ ની મુસાફરી કરવી પરે, મુશ્કેલીઓ ભોગવવી પડે, તે ઇલ્મ ની બરકત આપણા દુઆત મુતલકિન(ર.અ) ના ઉપકાર સી હવે માત્ર આપણા શહેરમાં જ નહીં, પણ આપણા મકાન સુધી પહોંચી ગઈ છે. આજે આકા મૌલા સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત. ઉ) દરેક મુમિનીન નાં ઘરને “અલ જામિઆ” માં પરિવર્તિત કરી રહ્યાં છે. હજારો મદારીસ ઈમાનીયાહ સ્થાપના કરીને આલે મોહમ્મદ (અ.સ.) ના ઇલ્મ સી આપણા ઘરને સુશોભિત કરી રહ્યા છે. કુરાન ના હિફ્ઝ નું વાતાવરણ બનાવીને મુમિનીન ને આદેશ કરે છે કે”દરેક ઘરમાં એક તો હાફિઝઅલ કુરાન હોય” ચેજ મુજબ વિશ્વમા ઝિકરે હુસેન (અ.સ) નો ધ્વજ લહેરાવી,ઘર ઘર માતૃભાષાની જેમ ,ઇમામ હુસૈનની શાહદત યાદ કરાવી લિધી છે. મુમિનીન ને સરળતાથી આલે મોહમ્મદ ના ઇલ્મ પ્રાપ્ત થાઇ અને મુમિનીન નો ઇલ્મ મા વિકાસ થાઇ, તે માટે આકા મૌલા સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ) આજે દરેક શક્ય પ્રયત્નો કરી રહ્યા છે.

હવે જ્યારે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકા (ત.ઉ.શ) યે મુમિનીન માટે આલે મોહમ્મદ ના ઇલ્મ ને પ્રાપ્ત કરવા માટે ના હર માર્ગ ને સરળ કરી નાખ્યું હોઇ,તો પછી પ્રશ્ન થાય છે કે “શું કોઈ પણ મુમિનને ઇલ્મ પ્રાપ્ત કરવા સી હવે કોઈ રોકી શકે છે?”

**જે ઇલ્મ હાસિલ કરવા માટે મહિનાઓ ની મુસાફરી કરવી પડે, મુશ્કેલીઓ ભોગવવી પડે, તે ઇલ્મ ની બરકત હવે આપણા મકાન સુધી પહોંચી ગઈ છે**



હિફઝુલ કુરાન ના કલાસ -વિદીશા

# આલમે ઈમાન થી ઊમૂર તાલીમીયાહ ની ઝલક

## ઈંટરવયૂ- શેખ મુરતઝા મોહસીન ભાઈ.



હેડ મોઅલ્લીમ, તૈયેબીયાહ, સૂરત.

***અવલિયા કિરામ(અ.સ.) હંમેશા દીની તાલીમ માટે ઘણું ભારપૂર્વક ફરમાવે છે, આ વસ્તુ શું કામ આટલી જરૂરી છે?***

દુઆત મૂત્તલકીન (રિ.અ.) ની એમ કોશિશ રહી છે કે મુમેનિન દીન અને દુનિયામાં આબાદ થાય, ખાસ કરીને મુમીન નો જાન તૈયાર થાય, આ હેતુને પરિણામ સુધી પહોંચાડવા માટે મદારિસ-ઈમાનિયાહ સૌથી મહત્વપૂર્ણ રસ્તો છે.

ઉદાહરણ તરીકે મદારિસ-ઈમાનિયાહમાં ફરઝંદોને ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત શીખવવામાં આવે છે, જે ઈમામ હુસૈન(અ.સ.)ના ગમથી જન્નતની પ્રાપ્તિ છે, એવી જ રીતે મદારિસ-ઈમાનિયાહ માટે મૌલાનલ મીનઆમ(ત.ઉ.શ.) ની નૂરાની વાઅઝો ઘણો મહત્વપૂર્ણ વિષય છે, અને તેના કારણે દીન અને દુનિયામાં પ્રગતિ અને સલામતી શક્ય છે.

***ફરઝંદ જ્યારે ઇલ્મ પઢીને મોઅલ્લીમના હાથ પર તૈયાર થાય છે તો મોઅલીમને શું અનુભૂતિ થાય છે?***

એક મોઅલીમ માટે ફરઝંદને તૈયાર થતાં જોવું એક એવી ક્ષણ હોય છે કે ને શબ્દમાં ન સમજાવી શકાય, પણ ઉદાહરણ તરીકે એમ જોઈ શકાય કે ખેતી કરનાર જ્યારે મહેનત અને તકલીફ સહીને ખેતી કરે છે અને તેમાં દાણા ઊગે છે તો કેટલી ખુશી થાય- એવી જ રીતે મોઅલીમને ફરઝંદને જોઈને ખશી થાય છે,

ફરઝંદોને તૈયાર કરવું ઘણું મહાન કાર્ય છે અને તેના લીધે મૌલા (ત.ઉ.શ.)ના દિલ પર જે ખુશી હોય છે તે

મોઅલ્લેમીન માટે અમૂલ્ય ઈનામ છે.

## ૧૨ ઉમુર પિકનિક

## કલકત્તા



સૈફી મોહલ્લાહ કલકત્તામાં MSB અને મદ્રેસાએ મળીને ૧૬ થી ૨૫ વરસની ઉમરના ફરઝંદો વાસ્તે એક પિકનિક આયોજિત કરી, તેમાં તેઓને Goals બનાવવું અને કેમ હાંસલ કરવું તે સમજાવવામાં આવ્યું, ઘણા ફરઝંદોએ પિકનિક બાદ સબકમાં હાઝીર થવાની નિયત કરી.

## ફરઝંદોના ટ્યુશન

## કોલંબો

Covid-19 Pandemic માં ઓનલાઇન ક્લાસના લીધે ઘણા ફરઝંદોને અંગ્રેજી, ગણિત અને ભાષા જેવા વિષયોમાં મુશ્કેલી આવતી હતી, શિક્ષણનું મહત્વ સમજીને “ઉમુર તાલિમિયાહ”ની કમિટીના બૈરાઓએ એક પ્રોગ્રામ આયોજિત કર્યો કે જેમાં સૌથી પહેલા: મૂમેનાત બૈરાઓ કે જેઓ આ વિષયોમાં પારંગત હોઈ એમનો ડેટા લેવામાં આવ્યો, તે પછી ફરઝંદોને ટીચરો સાથે સંકલન કરી મળાવામાં આવ્યા. મૂમેનાત ટીચરોએ ન્યૂનતમ ફી રાખીને ફરઝંદોને મુશ્કિલ વિષયોમાં મદદ કરી.

# આલમે ઈમાન થી ઊમૂર તાલીમીયાહ ની ઝલક

શું તમે જાણો છો

આલમે ઈમાન મા

**1,20,000**

કરતા વધૂ મૂમેનીન સબક ની બરકત લઈ રહયા છે.

## લોકડાઊન મા સબક ની બરકત



### શેખ ઝોહૈર ભાઈ બદ્રી – આમિલ સાહેબ – દોહદ

લોકડાઉનના સમયગાળામાં ઓનલાઇન સબકોના ફરમાન પ્રમાણે રોજ લગભગ ૫૦૦ થી વધુ મુમેનિન સબકમાં શામિલ થયા.
દરેક ઉમર, સંસ્થા અને વિભાગના અલગ અલગ સબક થાય છે કે જેથી એ લોકો પર ખાસ ધ્યાન આપી શકાય. સબકોમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિડિયો, ક્વિઝ અને પ્રેઝેંટેશન જેવી વસ્તુઓ ઉપયોગ કરીએ છીએ જેથી શોખ વધારે થાય.


## હીફ્ઝુલ કુરાનલ કરીમ



### મુલ્લા હુસૈન અબ્બાસભાઈ ટોપીવાલા, મસૂલુલ મોઝે, વિદિશા.

વિદિશામાં મુમેનિનના લગભગ ૬૦ મકાનો છે, અને મુમેનિન મુમેનાત અને ફરઝંદો થઈને લગભગ ૨૫૦ લોકો છે, અહી મુમેનિનમાં હીફ્ઝુલ કુરાનલ કરીમનો ઘણો શોખ છે, ૨૫૦ માંથી ૧૮૦ મુમેનિન પાસે "લાઉક્સેમો(સુરતુલ બલદ)" ની સનદ છે, ૯૮% મુમેનિનના ઘરો એવા છે કે જેમાં ઓછામાં ઓછા એક વ્યક્તિ પાસે તો "લાઉક્સેમો" ની સનદ છે જ.
હમણાં મુમેનિન અને ફરઝંદો માટે હીફ્ઝ ક્લાસ શરૂ છે. હીફ્ઝુલ કુરાન અને અહકામથી તીલાવત કરવું સહેલ થાય તે માટે બધા ને "દરુસૂલ કુરાન" ના વિડિયો બતાવામાં આવે છે, અને તેના લીધે કુરાનની તિલાવતમાં ઘણા સારા પરિણામો આવે છે, એજ રીતે કોઈને સુરત હીફ્ઝ કરવું મુશ્કેલ લાગે, એમને તે સુરત લખાવામા આવે છે, લખવાથી હીફ્ઝ કરવું ઘણું સરળ થય જાય છે.
અમારો goal એમ છે કે જે રીતે અહિયા લગભગ દરેક ઘરમાં એક વ્યક્તિ પાસે "લાઉક્સેમો"ની સનદ છે તેમ દરેક ઘરમાં એક વ્યક્તિ પાસે "જુઝ અમ્મા"ની સનદ થઈ જાય, અને મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની ઉમ્મીદ – "હર ઘરમાં એક હાફીઝ હોય" એનાથી અમે નજદીક થઈએ.

## સબકની એહમીયત



### શેખ ઝોહૈરભાઈ શેખ કાસીમભાઈ શાકિર – આમિલ સાહેબ – રતલામ


હું એમ સમજુ છું કે નમાઝના સાથે સબક મારી સગલા કરતાં પેહલી જિમ્મેદારી છે, મુમેનિન સબકમાં શામિલ થાય છે એહના સબબ સગલાના જાનોને આલે મોહમ્મદ (સ.અ.વ.)ના ઇલ્મની બરકત મિલે છે કે જે કૌસર છે, જાનના દરજ્જાઓ બલન્દ થાય છે, દિમાગની ગુણવતા વધે છે, ઇખ્લાસ વધારે થાય છે, અને ખિદમતમાં ઉત્સાહ પેદા થાય છે. ૧૨ ઉમુરના ખિદમતની કાર્યક્ષમતા વધારે થાય છે. શરીઅતની પાબંધીમાં નુમાયાપણું નઝર આવે છે, એક અલગ કબુલિયત પેદા થાય છે જેના સબબ ફરામીન આલિયાને લઈ ઊઠવામાઉમ્માલ કિરામને મદદ થાય છે, મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ના ફરમાન આલિયાનું અમલીકરણ સબકના સ્રોતથી કરી શકાય છે, સબકમાં આવવાના લીધે મુમેનિન અને આમિલના દરમિયાન અરસપરસ એક સંબંધ બને છે, અને ગામમાં ખિદમત કરવું અને કરાવવું સહેલું થઈ જાય છે.


# “ ہرعلم ما Top پر پہنچے سگلا ”

અલ દાઈઅલ અજલ સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ઉમુર તાલીમીયાહ ના લક્ષ નક્કી કરતાં એમ ફરમાવ્યું કે “હર ઇલ્મમાં ટોપ પર પહોંચે સગલા”. આજે દાવતની ઘણી સંસ્થાઓ દીવસ રાત કોશીશ કરે છે કે મુમેનીન ઈલમ અને કલાના ક્ષેત્રોમાં ટોપ ઉપર પોહંચે,
નીચે આપેલા ગ્રાફમાં એમ સ્પષ્ટ થાય છે કે મુમેનીન નો શોખ વધે છે અને દરેક ક્ષેત્રમાં પ્રગતી અને વીકાસ જોવાય રહ્યો છે.

## *Madaris Iymaniyah*


Over the course of a hundred years, from Syedna Taher Saifuddin's RA era to present day, the number of *Madaris Imaniyah* globally has grown from 24 to 562 operating *Madaris* .





## *Online Imtehaan*

Since it's inception, the number of participants in the Online *Imtehaan* has grown by an average of 11,000 people per year , representing an increase of nearly 430% over the last six years.




## *Huffaaz Kiraam*

Over the last 11 years, the number of *Huffaz Kiraam* have grown exponentially. Just in the last year, 1,047 mumineen fulfilled Aqa Maula's TUS wish and became *Haafiz al Quran*.




## *MSB Farzando*

Since 1424, MSB's student population has grown by an average of 1,000 students per annum, from just over 5,000 to over 12,000 today.

# કુરાન હિફ્ઝ કરવા માટે ઝડપી નુસખાઓ

## શેખ મુરતઝા ભાઈ કારી. માહ્દુઝ ઝાહરા. (અલ જામેઅતુસ સૈફીયાહ)



### 1
### હમેંશા ખુશ રહો

આકા મોલા (ત.ઊ.શ) હમેંશા દુઆ ફરમાવે છે કે ખુદા મૂમેનીન ને ખુશો ખુરમ રાખે. આ દુવા ની બરકત થી ખૂશ રહી ને હિફઝ કરવૂ જોવે. હિફઝ માટે તણાવમુકત રેહવૂ જરૂરી છે.

### 2
### શરીઅત ની પાબંદી

શરીઅત પ્રત્યે અડગ રેવાથી રૂહાનીયત વદે છે. કુરાન હિફઝ માટે રૂહાનીયત જરૂરી છે.

### 3
### જીવન-શૈલી ને શિસ્તબરૂ બનાવો.

પુનરાવર્તન એ હિફઝ કરવાનો મહત્વપૂર્ણ ભાગ છે.જાગવાનું, સુવાનુ, હિફઝ કરવાનું વગેરે નિયમિત સમય પત્રક ના પાલન કરવા થી તે મેળવી સકાઈ છે.

### 4
### સંમતિ લાવો. સ્થીર બનો.

કુરાન હિફઝ કરવા વાસ્તે સંમતિ ખૂબ મહત્વપૂર્ણ છે. વધુ હિફઝ કરવા કરતા વ્યકતી ને તે નિયમિત રીતે કરવૂ જરૂરી છે.

## જ્યાનપૂર્વ વિભાગ

قال رسول الله صلعم

مَنْ طَلَبَ الْعِلْمَ تَكَفَّلَ اللّٰهُ بِرِزْقِهِ

રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાંવે છે: જે શખ્શ ઇલ્મ તલબ કરે છે – તો ખુદા તઆલા એહના રિઝ્કની કફાલત લે છે

## #12Qચેલેંજ – ઊમૂર તાલીમીયાહ

### #12Qચેલેંજ

શિક્ષા ના ક્ષેત્ર મા ગુણ – માર્કસ નો ઘણો મહત્વ છે. શૂ તમે ઊમૂર તાલીમીયાહ ના #12Qચેલેંજ મા ઉચ્ચ સ્કોર બનાવી સકો છો.

QR Code ને સ્કેન કરો અથ્વા નીચે ની લીંક પર ક્લીક કરો.

https://12qtalimiyah.paperform.co

## મુમેનિનના તાઅસ્સુરાત

મમલુકે સૈયેદના (ત.ઉ.શ.)ને હીફ્ઝુલ કુરાનની અઝીમ નેઅમત મળી અને આ નેઅમત પર જેટલો શુક્ર કરું કમ છે. MSB માં હતો તો એવા માહોલમાં તાલીમ અને તરબિયત થઈ જેના કારણે હિફ્ઝ નો શોખ વધારે થયો. કુરાને-મજીદ ની બરકતના લીધે મારી ઝીંદગી સાચા ટ્રેક પર આવી ગઈ. આ હફઝના સફર યે ઝીંદગીના ઘણા સબાકો શિખવ્યા. જેમકે સમયનુંમહત્વ અને વ્યવસ્થાપન, આત્મ-વિશ્વાસ અને જોખમ લેવાની હિંમત. અને આ નેઅમતના લીધે MSB માં ખિદમત નસીબ થઈ જેનાં કારણે આજે બીજા ફરઝંદોને તૈયાર કરવાનું શરફ મળે છે જે મૌલનું કરમ છે.

યુસુફ ફખરુદ્દીન મલ્કાની (રાજકોટ)

MSB ઇન્સ્ટિટ્યૂટ માંથી તાલીમ લેવું એ મૌલા (ત.ઉ.શ.) ની દુઆ અને મૌલા (ત.ઉ.શ.) ની ખુશી હાસીલ કરવા બરાબર છે. આજે MSB માં અમે જે બધી તાલીમ લીધી હતી, જેમ કે પાક રોઝી કમાવવી, ખૈરના અમલ કરવા, હોમ સાઇન્સના ઉપયોગથી ઘરના કામો કરવું વગેરે. તેના પરથી આજે મૌલા(ત.ઉ.શ.) ની રઝાથી મેં મારો પોતાનો બિઝનેસ શરૂ કર્યો છે જેમાં મેં દીન અને દુનિયાનો ખ્યાલ રાખીને વેપાર કરું છું અને હોમ સાઇન્સના શિક્ષણથી આજે મેં કૂકિંગનો પણ શોખ રાખું છું. MSB ના સમયમાં રમત-ગમતની પ્રવૃતિમાં સક્રિય હોવાના લીધે આજે પણ અમો દર સપ્તાહાંત આઉટડોર રમતોમાં ભાગ લઈએ છીએ.

-અલીઅસગરભાઈ ફખરી (જામનગર)